# Visit of External Affairs Minister to Republic of Seychelles (November 27-28, 2020)

November 28, 2020

## વિદેશ મંત્રીની સેશેલ્સ ગણરાજ્યની મુલાકાત (નવેમ્બર 27-28, 2020)

નવેમ્બર 28, 2020

આજે ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સેશેલ્સ ગણરાજ્યની પોતાની બે દિવસની મુલાકાત પૂર્ણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વ્યક્તિગત સંદેશનું વહન કરતા તેઓએ સેશેલ્સ સાથે ભારત સંબંધોથી જોડાયેલો છે તે અગત્યતા પર ભાર મૂક્યો હતો. પોતાની મુલાકાત દરમિયાન, તેઓ 27 નવેમ્બર 2020 નાં રોજ સ્ટેટ હાઉસ પર મહામહિમ રાષ્ટ્રપતિ વાવેલ રામકલાવાનને મળ્યા હતા. વિદેશ મંત્રીએ તેઓનાં સમતુલ્ય સેશેલ્સનાં વિદેશી બાબતો અને પ્રવાસન મંત્રી મહામહિમ શ્રી સીલ્વેસ્ટર રાડેગોન્ડે સાથે વાતચીતો પણ યોજી હતી.

રાષ્ટ્રપતિ સાથેની તેઓની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ ભારતનાં લોકો અને સરકાર વતી રાષ્ટ્રપતિ રામકલાવાનને તેઓની તાજેતરની ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેણે જાન્યુઆરી 2018 માં તેઓની ભારતની મુલાકાત યાદ કરી હતી અને વિશ્વાસ અભિવ્યક્ત કર્યો હતો કે તેઓની આગેવાની હેઠળ, બન્ને દેશો વચ્ચેનાં નજીકનાં જોડાણો હજું વધારે વિકાસ પામશે. તેઓએ ભારતીય આગેવાની વતી રાષ્ટ્રપતિ રામકલાવાનને 2021 માં ભારતની મુલાકાત લેવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ બેઠક દરમિયાન, વિદેશ મંત્રી અને રાષ્ટ્રપતિએ લોકશાહીનાં મૂલ્યો અને કાયદાનાં શાસનમાં એકસમાન માન્યતા દ્વારા મજબૂત થયેલા ઐતિહાસિક પાડોશી સંબંધની ચર્ચા કરી હતી. વિદેશ મંત્રીએ કોવિડ-બાદનાં યુગમાં ભારત-સેશેલ્સ વ્યૂહાત્મક ભાગીદારી વધારે આગળ વધારવાનાં ભારતનાં સંકલ્પનું ઉચ્ચારણ કર્યું હતું. તેઓ હિંદ મહાસાગર પ્રાંત તરફ ભારતની નીતિને લાક્ષણિક બનાવતા ભારતનાં વિઝન સાગર (SAGAR) (પ્રાંતમાં તમામ માટે સુરક્ષા અને વૃદ્ધિ) માં સેશેલ્સની કેન્દ્રિયતા વિશે બોલ્યા હતા. જળરાશી પારનાં પાડોશી તરીકે, સેશેલ્સ પાડોશીને પ્રાથમિકતા (નેબરહૂડ ફર્સ્ટ) નીતિનો ભાગ પણ છે.

રાષ્ટ્રપતિ રામકલાવાને તબીબી પૂરવઠાઓ અને મહત્વની દવાઓનાં સ્વરૂપમાં આ મહામારી દરમિયાન ભારત દ્વારા પ્રદાન કરવામાં આવેલી સહાયતાની પ્રશંસા કરી હતી. તેઓએ બન્ને દેશો વચ્ચેની વિકાસ અને સુરક્ષા ભાગીદારીનું મૂલ્ય વ્યક્ત કર્યું હતું અને સેશેલ્સમાં રાષ્ટ્ર નિર્માણ પર તેનાં સકારાત્મક પ્રભાવની વાત કરી હતી. પોતાની વાતમાં વિદેશ મંત્રીએ સેશેલ્સનાં હિતો અને મહ્ત્વાકાંક્ષાઓને સમર્થન આપવાની ભારતની પ્રતિબદ્ધતા અને આ સહકારને વધારે ઉચ્ચ સ્તર પર લઇ જવા પર ભાર મૂક્યો હતો.

ચર્ચાઓમાં દ્વિપક્ષીય જોડાણ વધારે વિસ્તૃત કરવાની અને ગહન કરવાની, અને કોવિડ-19 મહામારી દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કરવા સંકલન કરવાની અને સહકારની જરૂરીયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેઓએ  મહાસાગરનાં જૈવતંત્રનું રક્ષણ કરવા સાથે ડ્રગ ટ્રાફિકિંગ, IUU ફિશિંગ, ચાંચિયાગીરી અને આબોહવાનાં ફેરફારનો સામનો કરવા સંયુક્ત પ્રયાસો વધારે મજબૂત કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. તેઓનાં સંબંધિત હિતો પર અસર કરતા પ્રાંતિય મુદ્દાઓની વિશાળ શ્રેણી વિશે પણ તેઓએ વાતચીત કરી હતી.

વિદેશ મંત્રીએ સેશેલ્સનાં વિદેશ મંત્રી સાથે મંત્રી સ્તરની વાતચીતો પણ યોજી હતી. બન્ને મંત્રીઓએ વિકાસ ભાગીદારી, ક્ષમતા નિર્માણ, સંરક્ષણ સહકાર, લોકો થી લોકો વચ્ચેનાં અને સાંસ્કૃતિક જોડાણો, વ્યાપાર, પ્રવાસન અને વાણિજ્ય તથા આરોગ્ય સહિતનાં દ્વિપક્ષિય સંબંધોનાં વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી.

**વિક્ટોરિયા**
**નવેમ્બર 28, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.